# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

## એલ.આઈ.સી. નવું /કાયમી /ચાલુ જોડાણ માટે જે ફોર્મ આપેલ છે તે ફોર્મમાં કોલેજમાં રૂબરૂ તપાસ કરીને શું વિગતો ચકાસવાની છે તેની માહિતી/માર્ગદર્શિકા.

૧. ટ્રસ્ટના નોંધણી દાખલા પર જે નામ છે તે જ પ્રમાણે નામ છે તે ચકાસવાનું રહે.

૨. નોંધણી નંબર અને તારીખ નોંધણીના દાખલા પરથી લેવું.

૩. ફેકસ નંબર સંસ્થાનો છે કે નહીં તે ચકાસવું. જયારે યુનિવર્સિટી કે સરકારને ફેકસ કરવાનો હોય છે ત્યારે ફેકસ મશીન ચાલુ હોતું નથી તો ફેકસ મશીન ચાલુ છે કે કેમ ? તે ચકાસવું.

૪. **ઈમેઈલ :** આપનું કોમ્યુનિકેશન ઈ–મેઈલથી થયું હોય તો ઈ–મેઈલ થી થયું છે તે જોઈ શકાય અને યુનિવર્સિટીને જયારે ઈ–મેઈલ મોકલવો હોય ત્યારે મોકલી શકાય. આથી કોલેજમાં ઈન્ટરનેટની સુવિધા છે કે કેમ? તે ચકાસવું.

૫. કોલેજનું નામ સરનામું (યુનિવર્સિટીમાં જોડાણ અરજી વખતે જે નામ લખાયેલ છે તે પ્રમાણે લખેલ છે તે ચકાસવું.) (ઠરાવ જોઈને ચકાસવું)

૬. **ફી ભર્યાની વિગત :** જે તે સમયે જોડાણ મેળવવા માટે જરૂરી નિયત ફી ભરાઈ છે કે નહીં તે ચકાસવું.

૭. **ટ્રસ્ટ ધ્વારા ચાલતી અન્ય સંસ્થાની વિગતો :** કેમ્પસમાં બીજી કોલેજો ચાલતી હોય તેવી કોલેજોની વિગતો ચકાસી સ્થાનિક તપાસ સમિતિ યોગ્ય રીપોર્ટ કરી શકશે.

૮. કોલેજ અત્યારે જે સ્થળ પર ચાલે છે તેની મંજૂરી અંગેની વિગતો (યુનિવર્સિટી ઠરાવ જોઈને ચકાસવો). મકાનના નકશાની (પ્લાન) ચકાસણી કરવી.

૯. પ્રમુખ/મંત્રી સાથે ચર્ચા કરી તેમના નામ અને મોબાઈલ નંબર લખવા. જેથી ભવિષ્યમાં ફોન ધ્વારા સંપર્ક થઈ શકે.

૧૦. કોઈપણ વિદ્યાશાખામાં , માંગેલા વિષયો અને ડિવિઝનની વિગતો યુનિવર્સિટીના પત્રના આધારે ચકાસી લેવી.

૧૧. નવી કોલેજ શરૂ કરવા માટેના વ્યાજબી કારણો અને તે વિસ્તારમાં પ્રવેશની લાયકાત ધરાવતા કેટલા વિદ્યાર્થીઓ છે તે ચકાસી તેની વિગતો નોંધવી.

૧૨. યુનિવર્સિટીમાંથી એન.ઓ.સી. મળેલ છે કે નહીં તે ચકાસવું અને એન.ઓ.સી. મળેલ હોય તો તેની ફી ભરેલ છે કે નહીં તે ચકાસવી તેમજ એન.ઓ.સી.ની મુદતની અચૂક ચકાસણી કરવી. એન.ઓ.સી.ની મુદત પૂર્ણ થઈ ગઈ હોય તો નવેસરથી એન.ઓ.સી મેળવવા જણાવવું.

૧૩. સરકારશ્રીનો સૈધ્ધાંતિક મંજૂરીનો પત્ર ચકાસવો. જો મંજૂરીનો પત્ર ન મળ્યો હોય તો બીજા વર્ષમાં જોડાણની ભલામણ કરવી નહી.

૧૪. AICTE/NCTE/MCI/BCI/CCH વગેરે બોડીની મંજૂરી મળેલ હોય તો તે પત્ર મેળવી કયા વર્ષથી મંજૂરી મળી છે તેની ખાસ ચકાસણી કરવી.

૧૫. અગાઉના વર્ષમાં યુનિવર્સિટીએ જોડાણની જે શરતો આપી હોય તે શરતોના પત્ર મુજબ પુરેપુરી શરતોનું પાલન થયેલ છે કે કેમ? તેની ચકાસણી કરવી અને જો પાલન ન થયું હોય તો એલ.આઈ.સી. અહેવાલમાં બાકી શરતોનો ઉલ્લેખ કરીને જોડાણ અંગે ઘટતી કાર્યવાહી કરવી.

૧૬. સ્થાનિક તપાસ સમિતિના વર્ષની અગાઉના વર્ષનું જોડાણનું જાહેરનામું રાજય સરકાર ધ્વારા પાડવામાં આવેલ ન હોય તો યુનિવર્સિટી ધ્વારા રાજય સરકારને જાહેરનામુ બહાર પાડવા માટે લખેલ પત્રની નકલ માંગવી અને તે રજૂ કરે તો જ જોડાણની ભલામણ માટે કાર્યવાહી કરવી અને સ્થાનિક તપાસ સમિતિની ફાઈલ સાથે છેલ્લા વર્ષના જાહેરનામાની નકલ કે યુનિવર્સિટીએ જાહેરનામા અંગે કરેલ ભલામણના પત્રની નકલ જોડાવવી.

૧૭. NAAC નું સ્ટેટસ જોઈ લેવું. NAAC માટે કોલેજ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની ચકાસણી કરી NAAC સર્ટીફીકેટ માટે કોલેજને પ્રોત્સાહિત કરવી. જેનો ઉલ્લેખ સ્થાનિક તપાસ સમિતિમાં કરવો.

૧૮. સંસ્થાનો કોઈ કોર્ટ કેસ પેન્ડીંગ હોય તો તેની ચર્ચા કરી અભ્યાસ કરવો અને LIC રીપોર્ટમાં પણ લખવો.

૧૯. કોલેજમાં છેલ્લે એલ.આઈ.સી. થયેલ હોય ત્યારે જે ક્ષતિઓ આપેલ હોય તે પૂર્ણ કરાવવા કોલેજને સ્પષ્ટ કહેવું.

**(૧) જમીન અંગે :** ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં કોલેજની જમીન ટ્રસ્ટના નામે છે તે અને દરેક કોર્સ વાઈઝ પુરી પાંચ એકર જમીન છે કે નહીં તેમજ બોજામુકત છે, જમીન એન.એ. થયેલ છે વગેરે ચકાસી લેવું. જેનો સ્થાનિક તપાસ રીપોર્ટમાં અચૂક ઉલ્લેખ કરવો અને આધારો જોડવા.

**(૨) મકાન અંગે :**

(અ) મકાન માટે જમીનનો વિસ્તાર, મંડળનો પ્લાન ચકાસી લેવો, મંડળનો ઠરાવ ચકાસી લેવો. કોલેજમાં કેમ્પસ/રમતગમતનો વિસ્તાર પણ ચકાસવો. મકાન કોની માલિકીનું છે ? મકાન લીઝ પર છે કે કેમ ? તેની ચકાસણી કરવી. અન્યની માલિકીનું મકાન હોય તો ૧૨ લાખની ડીપોઝીટની રસીદ ચેક કરવી. મકાન પ્લાન મેળવી તેની નકલ જોડવી. જેનો સ્થાનિક તપાસ રીપોર્ટમાં અચૂક ઉલ્લેખ કરવો.

**રૂમો :** ટાઈમટેબલમાં જે વર્ગો ફાળવેલા હોય તે પૂરતા પ્રમાણમાં છે કે નહીં તે વર્ગો ચેક કરી લેવા તથા ડિવિઝનની મંજૂરીનો યુનિવર્સિટીનો પત્ર ચકાસવો. કોમ્પ્યુટર રૂમ, ઈન્ટરનેટ ૧૦ એમ.બી. છે કે નહીં, સાયબર કાફે, પ્રયોગશાળા, વર્ગખંડોમાં મલ્ટીમીડીયા પ્રોજેકટરો ચકાસવા. લેડીઝ રૂમની વ્યવસ્થા ચકાસવી. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ તેમજ સ્ટાફ માટે અલગ અલગ ટોઈલેટની વ્યવસ્થા છે કે કેમ? મીનરલ વોટર/વોટરકુલર છે કે નહીં તે ચકાસવું. મીનરલ વોટર ન હોય તો સંચાલકને સગવડ કરવા માટે સૂચન કરવું. કેમ્પસમાં પૂરતા પ્રમાણમાં પાર્કીગ છે તે ચકાસવું. છાંયડા સાથે પૂરતી પાર્કીગ વ્યવસ્થા ચકાસવી. કેમ્પસના વિદ્યાર્થી x ૧૦ ચો.ફુટ જેટલી કલાસરૂમની જગ્યા છે તે પણ ચકાસી લેવી. કોલેજમાં વેબ કેમેરા પણ મૂકાવવા. જેનો સ્થાનિક તપાસ રીપોર્ટમાં અચૂક ઉલ્લેખ કરવો.

(બ) વર્ગખંડમાં વેબ કેમેરાના વ્યવસ્થા કરેલી છે કે કેમ ? તેની માહિતી અવશ્ય દર્શાવવી.

(ક) એ.આઈ.એસ.એચ.ઈ (A.I.S.H.E.)પર કોલેજની માહિતી અપલોડ કરેલ છે કે કેમ ? તેની માહિતી અવશ્ય દર્શાવવી.

**(૩) રમતગમત મેદાન અંગે :** રમતગમતના મેદાનો ચકાસવા. તેમા કઈ રમતો રમાય છે તેનો ઉલ્લેખ કરવો. નિયમાનુસાર રમત ગમતના મેદાનો છે કે કેમ? તેનો સ્પષ્ટ અભિપ્રાય સ્થાનિક તપાસ રીપોર્ટમાં અચૂક કરવો.

**(૪) હોસ્ટેલ અંગે :** હોસ્ટેલની સુવિધા ચકાસવી. સુવિધા ન હોય તો વિદ્યાર્થીઓના રહેવાની સુવિધા શું છે તે સ્પષ્ટ લખવું. હોસ્ટેલમાં પ્રાથમિક જરૂરીયાતોની માહિતી સ્પષ્ટ લખવી. હોસ્ટેલ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની અલગ અલગ છે કે કેમ? તેના ઉલ્લેખ સ્થાનિક તપાસ સમિતિમા અચૂક કરવો.

**(૫) ગ્રંથાલય :** ગ્રંથાલયમાં બેઠક વ્યવસ્થા કેટલા વિદ્યાર્થીઓની છે તે ચકાસવી. તેમાં મેગેઝીન, ન્યુઝપેપર, બુકસ ચાલુ માસના છે કે નહીં તે ચકાસવા. વિદ્યાર્થીઓ માટે ઈન્ટરનેટની સગવડ એટલે કે સાયબર કાફેની સગવડ છે કે નહીં તે ચકાસવું. કોલેજમાં જે અભ્યાસક્રમો ચાલે છે તે દરેક વર્ષના અભ્યાસક્રમો હાર્ડ કોપી અને સોફટ કોપીમાં રાખવામાં આવે છે કે નહી તેની ચકાસણી કરવી. જેથી ભવિષ્યમાં કોઈ વિદ્યાર્થીને વિદેશ જવાનું થાય ત્યારે તેનો ઉપયોગ થઈ શકે.

**(૬) કોમ્પ્યુટર લેબ અંગે :** કોમ્પ્યુટર લેબમાં કેટલા કોમ્પ્યુટર છે ? અને કેટલા પ્રિન્ટર છે ? વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પુરતા પ્રમાણમાં થાય છે કે નહીં તે ચકાસી લેવા. અધ્યાપકોને પૂરતા પ્રમાણમાં પ્રિન્ટર, કોમ્પ્યુટર આપેલા છે તે ચકાસવું. કોલેજ/ સંસ્થા ધ્વારા વેબસાઈટ બનાવી છે કે નહી તેની ચકાસણી કરવી. વેબસાઈટ તૈયાર કરી હોય તો પ્રિન્સિપાલ ઓફીસમાંથી ચેક કરી લેવી જેથી વિદ્યાર્થીઓ એ વેબસાઈટનો ઉપયોગ કરી કોલેજને લગતી બધી જ વિગતો જોઈ શકે. બેચ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પણ ચેક કરવી અને લેટેસ્ટ કોમ્પ્યુટરો વસાવવામાં આવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.

**(૭) વિકાસફાળો :** વિકાસફાળો યુનિવર્સિટીમાં ભરાયેલ છે કે નહીં તે ચકાસી લેવું. છેલ્લા વર્ષના વિકાસફાળાની વિગત સાથે પહોંચ સામેલ કરવી. કારણ કે કોલેજો ઘણા વર્ષોથી વિકાસફાળો ભરતી હોતી નથી. જેથી યુનિવર્સિટીને નુકસાન થાય છે. સંસ્થા ધ્વારા ઈનવર્ડ અને આઉટવર્ડ રજીસ્ટર અલગ અલગ નિભાવવામાં આવે છે કે નહી તેની ચકાસણી કરવી. બહારથી આવતા તમામ પત્રો ઈનવર્ડ થાય છે કે નહી તેની ચકાસણી કરવી. જોઈએ. જેથી કોલેજોને પત્ર મળતા નથી તેવી ફરિયાદ / રજૂઆતને અવકાશ ન રહે.

**(૮) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની વિગતો:** પ્રિન્સિપાલ અને અધ્યાપકોની નિમણુંક થયેલ છે કે નહીં તેમજ કલાસરૂમ અને ડિવિઝન તેમના ટાઈમટેબલ જોઈને વર્કલોડ ચેક કરી લવું અને ખૂટતા અધ્યાપકો હોય તો સ્પષ્ટ લખવું. હાજરી પત્રક ચેક કરવું. ગ્રંથપાલ અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે કે નહીં તેની હાજરી પત્રક પરથી ખરાઈ કરવી તેમજ બેંક ધ્વારા પગાર ચુકવાય છે કે નહીં તેની સંપૂર્ણ ખરાઈ કરવી. જેની નોંધ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં અચૂક કરવી.

પ્રોવિડન્ડ ફંડ પેન્શન સ્કીમ, આવકવેરા વગેરેના પત્રકો ચેક કરવા જેમાં કોઈ ખૂટતી વિગત હોય તો તેની જાણ સંસ્થાને કરી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલમાં નોંધ અચૂક કરવી.

નેટ / સ્લેટ પાસ કરેલા અધ્યાપકો કેટલા છે તે ચેક કરવા. અધ્યાપકો નેટ/સ્લેટ પાસ કરે તે માટે પ્રોત્સાહિત કરવા સૂચના આપવી. અધ્યાપકોની સાથે મીટીંગ કરી જરૂરી પ્રશ્નો પૂછીને જરૂરી સગવડો છે કે નહીં તેમજ પગાર વગેરે બાબતોની પણ ખરાઈ કરવી તથા અહેવાલમાં નોંધ કરવી.

**(૯) આર્થિક બાબતો :** છેલ્લા બે વર્ષના ઓડિટ હિસાબો સાથે ઓડીટ રીપોર્ટ ચકાસી સંસ્થાની આર્થિક સધ્ધરતા, સંસ્થાની નાણાંકીય જોગવાઈ બોજારહિત છે તે તપાસવી. સંસ્થા પાસે રૂા.૫૦ લાખની અસ્કયામતો છે તેમજ સંસ્થા પાસે રૂા.૫ લાખની વર્કીગ ફંડ છે તેની ચકાસણી કરવી. સંસ્થાએ રૂા.૨ લાખ, ૬ લાખ, ૧૨ લાખની ડિપોઝીટ યુનિવર્સિટીમાં મુકી છે કે નહીં તેની ચકાસણી કરવી. તેમજ મૂકવામાં આવેલ ડિપોઝીટ સંસ્થા અને રજીસ્ટ્રારના સંયુકત નામે ૭૨ માસ માટે છે તે ચકાસવું. સંસ્થા પાસે ૫૦ લાખ ફંડ છે કે નહીં તે પણ ચકાસવું. સંસ્થા પાસે પાંચ લાખ વર્કિંગ ફંડ છે તે પાસબુકની એન્ટ્રી ચકાસવી.

ટ્રસ્ટની અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થા ચાલતી હોય તો તેની વિગતો ચકાસવી જરૂરી છે. જેથી બધી જ કોલેજો માટે પૂરતી જગ્યા અને બીલ્ડીંગનો અંદાજ આવી શકે અને તે મુજબ નિર્ણય લખવો. આ યુનિવર્સિટી ઉપરાંત અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતા હોય તો તે ચકાસવું અને લખવું. અગાઉ કોઈ કોલેજ બંધ કરી હોય તો તેના કારણો ચકાસવા. સંસ્થાએ ફકત નફા માટે જ કોલેજ ચાલુ કરી હોય તેવો હેતુ તો નથી ને ? જેની ચકાસણી કરવી.

**(૧૦) જોડાણ માટેની સ્પષ્ટ વિચારણા :** અહેવાલના દરેક કોલમમાં ચકાસણી કરીને અંતે યોગ્ય માહિતી ભરવી. કોઈ કોલમ અધૂરું છોડવું નહી કે કોઈ કોલમમાં (–) ડેસ કરવું નહી.

ઉપરના તમામ મુદાઓની વિગતે ચકાસણી કરી જરૂરી આધાર પૂરાવા અહેવાલ સાથે જોડવા અને સ્થાનિક તપાસને સંસ્થા ધ્વારા ઉપરોકત ભૌતિક સગવડો અને જોડાણની શરતોનું પરિપાલન કરવા સંસ્થા સક્ષમ જણાય તો યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓના હિતમાં જોડાણ આપવા માટેની ભલામણ હા / ના એમ સ્પષ્ટ શબ્દોમાં ભલામણ સાથે રીપોર્ટમાં સહી કરીને યુનિવર્સિટીમાં સદર અહેવાલ સમયસર બે નકલમાં જમા કરાવવો.

જોડાણની ભલામણ કરતી વખતે સંસ્થાને જે શરતો આપવાની થાય છે તે શરતોનો સ્પષ્ટ ઉલ્લેખ જે તે કોલમમાં સારા અને સ્વચ્છ અક્ષરે લખી સ્થાનિક તપાસ સમિતિના તમામ સભ્યોની સહી સાથે યુનિવર્સિટીમાં સ્થાનિક તપાસ કર્યા બાદ દિન–૩માં અચૂક જમા કરાવવો.